COVID-19ને અટકાવવા ટેકનિકલી વૈજ્ઞાનિક પધ્ધતિથી ઝોન વાઇઝ અભ્યાસ કરવા મેડીસીનના તજજ્ઞોની ટીમની રચના કરવા બાબત

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક એનસીવી/૧૦૨૦૨૦/૨૫૬/ગ.
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા: 23 [illegible] 2020

પ્રસ્તાવના:-

કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા તેમજ તેને અટકાવવા અને નિયંત્રણની કામગીરી ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમીક ડિસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના તા.૧૩/03/૨૦૨૦ ના જાહેરનામાથી ધી ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન-૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે

રાજ્ય સરકાર દ્વારા COVID-19 ના દર્દીઓની સારવાર માટે તથા આ સંક્રમણને વધતું અટકાવવા માટે અનેકવિધ પગલા લેવામાં આવેલ છે. કોરોના રોગના ઉદભવ સ્થાન, તેની અસરો અને તેની તમામ આનુંષાગિક બાબતે રોગ અટકાવવા અને રોગ નિયંત્રણ અત્યંત જરૂરી હોય છે.અમદાવાદ મહાનગરપાલિકામાં આ હેતુસર ઝોન વાઈઝ અભ્યાસા કરવા વિભાગના તા. ૧૬/૦૫/૨૦૨૦ ના હુકમથી તજજ્ઞોની ટીમની રચના કરેલ છે અને તેમનાદ્વારા નિર્દેશાત્મક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

રાજયની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધપાત્ર કેસો નોંધાતા જાય છે.આથી આજ ધોરણો પર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમજ સુરત જીલ્લામાં કોરોના વાયરસ કોવિડ-૧૯નો વધતો અટકાવવા તથા તેની અસરો નિવારણની કાર્યવાહી કરવા માટે ફીલ્ડ વિઝિટ કરી એપીડેમીઓલોજીકલ અભ્યાસ કરી તથા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનો ઝોન વાઇઝ ડેટા મેળવી તેનો ટેકનિકલ અભ્યાસ કરવા માટે કોમ્યુનિટી મેડિસિનના તજજ્ઞોની ટીમ બનાવવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતુ.

<u>હુકમ:-</u>

ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમજ સુરત જીલ્લામાં કોરોના વાયરસ કોવિડ-૧૯નો વધતો અટકાવવા તથા તેની અસરો નિવારણની કાર્યવાહી કરવા માટે ફીલ્ડ વિઝિટ કરી એપીડેમીઓલોજીકલ અભ્યાસ કરી તથા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનો ઝોન વાઇઝ ડેટા મેળવી તેનો ટેકનિકલ અભ્યાસ કરવા માટે કોમ્યુનિટી મેડિસિનના તજજ્ઞોની ટીમ બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ટીમે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવેલી મેડીકલ કોલેજોની ટીમોના સભ્યોનો જ સમાવેશ કરીને કામગીરી કરવાની રહેશે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ઝોન દીઠ નીચે મુજબ એક એક અધિકારીને નિમણૂક આપવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| નોર્થ ઝોન | ડો. અમીત ગામીત | મદદનીશ પ્રાધ્યાપક,પીએસએમ, સ્મીમેર, સુરત |
| ઇસ્ટ ઝોન-એ | ડો. પ્રકાશ પટેલ | મદદનીશ પ્રાધ્યાપક,પીએસએમ, સ્મીમેર, સુરત |
| ઇસ્ટ ઝોન-બી | ડો. હર્ષદ પટેલ | સહ પ્રાધ્યાપક,પીએસએમ, સ.ત.મ, સુરત |
| વેસ્ટ ઝોન | ડો. ઇરફાન મોમીન | સહ પ્રાધ્યાપક,પીએસએમ, સ.ત.મ, સુરત |
| સાઉથ વેસ્ટ ઝોન | ડો. મમતા વર્મા | મદદનીશ પ્રાધ્યાપક,પીએસએમ, સ.ત.મ, સુરત |
| સાઉથ ઇસ્ટ ઝોન | ડો.ચિંતન ગામીત | ટયુટર,પીએસએમ, સ.ત.મ, સુરત |
| સાઉથ ઝોન | ડો. અંજલી મોદી | મદદનીશ પ્રાધ્યાપક,પીએસએમ, સ.ત.મ, સુરત |
| સેન્ટ્રલ ઝોન | ડો. અનસ પટની | મદદનીશ પ્રાધ્યાપક,પીએસએમ, સ.ત.મ, સુરત |
| સુરત જીલ્લો (ગ્રામીણ) | ડો. સુકેશા ગામીત | મદદનીશ પ્રાધ્યાપક,પીએસએમ, સ.ત.મ, સુરત |

તજજ્ઞોની ઉપરોક્ત ટીમે તેમને સોપાયેલ વિસ્તારની રોજ રોજ મુલાકાત લઇ સ્થાનિક ટીમને ટેકનિકલ તાલિમ-માર્ગદર્શન આપવાનું રહેશે. સોંપાયેલ વિસ્તારના ડેટાનું પૃથ્થકરણ કરી સંક્રમણ અને રોગ નિવારવા માટેના પગલા અંગેની વિગતો સાથે કોમ્યુનીટી મેડીસીન વિભાગના પ્રાધ્યાપક અને વડા મારફતે સલાહ સૂચનો/ અભિપ્રાય સાથેનો અહેવાલ સાંજે સબંધિત મ્યુનિસિપલ અને જીલ્લાના આરોગ્ય ખાતા ના વડા તથા કમીશ્નર કચેરીની એપીડેમીક શાખાને આપવાનું રહેશે એપીડેમીક શાખા એ અગ્ર સચિવશ્રી ને આ અંગેની બ્રીફ દર અઠવાડીયે રજુ કરવાની રહેશે.

આ તજજ્ઞોને હુકમ થયાથી પંદર દિવસ સુધી કામગીરી કરવાની રહેશે અને ત્યારબાદ પ્રોફેસર અને વડા, પીએસએમ વિભાગ દ્વારા અન્ય તજજ્ઞોને રોટેશનમાં ફેરફાર કરી શકશે. આ તજજ્ઞોને સબંધિત મેડીકલ કોલેજ દ્વારા ફાળવેલ UHTC અને RHTC ની વાહનનો ઉપયોગ કરવાનો રહેશે. વાહન ઉપલબધ્ધ ન હોય કે તે ઉપરાંતની જરૂરીયાત માટે વાહનની વ્યવસ્થા સુરત મહાનગર પાલિકા/આરોગ્ય ખાતુ, સુરત જીલ્લાએ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રિપલ પ્રજાપતિ)
સેકશન અધિકારી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, (સુરત)
- જીલ્લા વિકાસ અધિકારી, (સુરત)
- અધિક નિયામકશ્રી, (તમામ) કમિશનરશ્રી (આરોગ્ય) ની કચેરી, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૦